# મકતબા જાફરીયા નોલેજ એન્ડ રિસર્ચ એકેડમીમાં ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસની ઉજવણી

મકતબા જાફરીયા નોલેજ એન્ડ રિસર્ચ એકેડમીના તમામ ડીપાર્ટમેન્ટમાં ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે વિવિધ પ્રોગ્રામ્સ પણ રાખવામાં આવ્યા હતાં. ગણતંત્ર દિવસની ઉજવણીના કાર્યક્રમના યજમાનીની કમાન જાફરી કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીએ સંભાળી હતી. સમગ્ર પ્રોગ્રામનું એન્કરીંગ દત્ત રહેમત ફાતેમા(Sem-6) અને ધુક્કા ઈરફાના(sem-4) એ કર્યું હતું. પ્રોગ્રામની શરૂઆત કુરાનની તિલાવતથી કરવામાં આવી હતી. ત્યાર બાદ અસામદી બાકર અલી એ મેહમાનોના સ્વાગત સાથે તેમને રાષ્ટ્ર ધ્વજ ફરકાવવા માટે આમંત્રિત કર્યા હતાં. ઉપસ્થિત મહેમાનોમાં જનાબ વાહીદ હુસેન બાવાસાહેબ, એ.વી.એમ પ્રમુખ જનાબ અબ્બાસભાઈ મોમીન સાહેબ, બધા ડીપાર્ટમેન્ટસના પ્રમુખો, મકતબા જાફરીયાના તમામ શિક્ષકગણ હાજર રહ્યા હતાં. જનાબ વાહીદ હુસેન બાવાસાહેબે રાષ્ટ્ર ધ્વજ ફરકાવ્યુ હતું. બધા વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ એક સાથે સલામી આપ્યા બાદ રાષ્ટ્ર ગીત અને ઝંડા ગીત ગાયું હતું. ત્યાર બાદ મકતબામાં વિવિધ ડીપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ સ્પીચની સાથે-સાથે દેશભક્તિગીતની સુંદર રજુઆત કરીને પ્રેક્ષકોમાં દેશભક્તિની ભાવના ફરીથી તાજી કરી દીધી હતી. જનાબ વાહીદ હુસેન બાવાસાહેબે પ્રસંગોચિત સ્પીચ આપી હતી. ત્યાર બાદ અંતમાં બોસ્તાને તીફ્લાનના વિદ્યાર્થીઓએ પીરામીડ દ્વારા પોતાની દેશભક્તિ વ્યક્ત કરી હતી. જાફરી કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના HOD. જનાબ મન્સુર સરે પ્રરણાદાયી સ્પીચ આપી હતી. અંતમાં આ રાષ્ટ્ર પર્વ નિમિત્તે હાજર રહેવા બદલ મકતબા જાફરીયા પરિવાર વતી આભાર વ્યક્ત કરરવામાં આવ્યો હતો.

**સંકલન:મોહસીનાબાનું આઈ.બુખારી**